शृंगार वैराग्य तरंगिणी,

(સટીક ભાષાન્તર)

પ્રકટકર્ત્તા—વનમાળી લાધાભાઈ મોદી.

અધિપતિ "હિંદુસ્તાન"—અમદાવાદ.

કિંમત પાંચ આના.

અમદાવાદ—"હિંદુસ્તાન" પ્રીન્ટીંગ પ્રેસમાં

પ્રીન્ટર શા. ભોગીલાલ મનઃસુખરામે છાપ્યું.

૧૮૯૨

ઉત્સર્ગ.

મ્હેરબાન સ્વદેશ પ્રેમી-

રા. રા. હરીલાલ મનઃસુખરામ,

મુખ્ય દિવાનજી સાહેબ—બારૈયા.

મહાશય !

ભાષા અને પ્રજાની સુધારણા માટે આપનો યત્ન કંઇ અલૌકિકજ છે, ગુર્જર સાક્ષર મંડળમાં આપ સારી પ્રતિષ્ઠા પામેલા છો, ગુર્જરી ગીરાની માતૃ રૂપ સંસ્કૃત ભાષાના ઉદ્ધાર માટે આપ સદા યત્નવાન રહો છો, " યોગ્યનો આદર " કરવામાં આપ પ્રસિદ્ધ પરીક્ષક—ગુણજ્ઞ છો; અને તેથી મારાથી બીજું તો શું બની શકે ? પણ આપ સ્વદેશપ્રેમી સજ્જનનું માત્ર આ લઘુ પુસ્તક સાથ નામજ જોડી અત્યાનંદ પામું છું !

લી૦ સેવક—**વનમાળી.**

પ્રસ્તાવના.

આ "શૃંગાર વૈરાગ્ય તરંગિણી"નું પુસ્તક મૂળ સંસ્કૃતમાં જૈનાચાર્ય "શ્રી શતાર્થ વૃત્તિકાર શ્રી સોમપ્રભાચાર્યે" સંસ્કૃતમાં બનાવ્યું હતું અને ત્યાર બાદ આગ્રાના પંડિત શ્રી નંદલાલે તે ઉપર ટીકા કરેલી છે. "શૃંગાર વૈરાગ્ય તરંગિણી"નો અર્થ "શૃંગાર અને વૈરાગ્ય રૂપ તરંગો વાળી નદી" એવો થાય છે. અને એ નદીના એ બંને પ્રકાર માટે પંડિત શ્રી નંદલાલે જે સ્પષ્ટતા બતાવેલી છે, તેજ ભાવ લઇને મૂળ ગ્રંથનું ગુજરાતીમાં ભાષાન્તર કરાવવામાં આવેલું છે. શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથ એક સમર્થ વિદ્વાન છે અને તેમની પાસે કરાવેલું આ ભાષાન્તર પ્રજાપ્રિય નિવડવામાં સંશયને જગ્યા મળી શકે તેમ નથી. શાસ્ત્રીઓની ભાષા બહુધા આધુનિક સાક્ષરોની ભાષાથી નિરાળીજ પ્રકારની હોય છે અને તેથી મેં જો કે તેમાં બનતી સુધારણા કરવા યત્ન કર્યો છે, તથાપિ "ભાવ," "અર્થગૌરવ" અને "અલંકાર" ને સંભાળવાની અત્યાવશ્યકતા તરફ લક્ષ આપવાનું હોવાથી એ સુધારણા કે એ યત્ન પૂર્ણત્વને પામ્યાં છે, એમ કહેવાને હું અશક્ત છું.

ગુર્જર ભાષાના અભિવૃદ્ધયર્થે સંસ્કૃત ભાષાનાં પુસ્તકોનાં ભાષાન્તરો પ્રકટ થવાની અગત્યતાનો કોઇથી પણ અનાદર થઇ શકે તેમ નથી અને વળી આ પુસ્તક સાક્ષરો પ્રીતિથી સાદર કરે તેવું હોવાથી, હું ધારૂં છું કે મારો શ્રમ વૃથા નહીં જાય.

અમદાવાદ "હિંદુસ્તાન" પત્રની
ઑફીસ તા. ૧૫-૮-૯૧

ગ્રન્થ પ્રકાશક,

વનમાળી લાધાભાઇ મોદી.

शृंगार वैराग्य तरंगिणी.

॥श्रीः॥ धर्मारामदवाग्निधूमलहरीलावण्यलीलाजुषस्तन्वंग्या यमितान्विलोक्य तदहो वालान्किमुत्कंठसे ॥
व्यालान्दर्शनतोऽपि मुक्तिनगरप्रस्थानविघ्नक्षमान्मत्वा दूरममून् विमुंच कुशलं यद्यात्मनो वांछसि ॥१॥

અર્થ—અહો ! આ ધર્મરૂપ વનને વિષે દાવાગ્નિના ધૂમાડાની પંક્તિના જેવા શ્યામવર્ણ વાળા સૂક્ષ્મ અંગયુક્ત શરીર વાળી સ્ત્રીઓના બાંધેલા જે વાળો છે, તેને જોઇને તું કેમ આનંદને પામે છે ? જો તું પોતાનું સારૂ થવાની ઇચ્છા કરતો હોય, તો જેના દર્શને કરી મુક્તિ રૂપ નગરીના માર્ગમાં વિઘ્ન થાય છે, એવા વાળોને વ્યાલ (સર્પ) રૂપ માનીને દૂરથી ત્યાગ કર. એણે કરી વૈરાગ્યરસ દર્શાવિને શૃંગારને દુષિત કર્યો છે; જેમ સર્પ લાંબા અને કાળા હોય છે, તેમજ સ્ત્રીના વાળ પણ લાંબા અને કાળા હોવાથી, તેઓનું સાદૃશપણું કહ્યું છે: જેમ સર્પને જોતાંજ આપણે દૂર નહાસી જઇએ છીએ, તેમ તે વાળોને જોતાંજ તેઓનો તિરસ્કાર કરવો જોઇએ. શકુન શાસ્ત્રમાં કહ્યું છે કે, કોઇ માણસ કોઇ કામના પ્રસંગથી કોઇ ગામ જતો હોય, તે વખતે જો માર્ગમાં સર્પ મળે, તો તે કામમાં વિઘ્ન પડતાં તે કાર્યની સિદ્ધિ થાય નહીં. તેમજ મુક્તિ રૂપ નગરીના માર્ગમાં સ્ત્રીના વાળ રૂપ સર્પ, જો આડા આવે, એટલે તેઓમાં મોહ ઉત્પન્ન થાય, તો મ્હોટું વિઘ્ન થાય છે. માટે એ સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે.

ઉપર કહ્યું કે, સ્ત્રીઓના બાંધેલા વાળને વ્યાલ રૂપ જાણ; એ ઠેકાણે કવિયે ચમત્કાર રાખ્યો છે કે, વાળ શબ્દમાં યકાર મળ્યાથી વ્યાલ શબ્દ થાય છે; માટે વાળને વ્યાલ કહેવા યોગ્ય છે. એને શ્લેષાલંકાર કહે છે.

આ વૃત્તમાં, સર્પ ચાલતી વખતે જેમ વાંકોચુંકો થઇ જાય છે, તેમ સ્ત્રીના કેશ વિટંડિયાળા હોય, તેને કવિ લોકો શ્રેષ્ટ કહે છે. અને જેમ સર્પનો રંગ અતિ કાળો હોય છે, તેમ સ્ત્રીના વાળ અતિ કાળા રંગ

વાળા હોય તો તે શ્રેષ્ટ કહેવાય છે. એવી રીતે વાળની જે શ્રષ્ટતા છે, તે વિષયક શૃંગાર રસ દર્શાવ્યો છે. અને જેમ માર્ગમાં સર્પ આડો આવે તો, કાર્યસિદ્ધિ થાય નહીં; તેમ ગુણસ્થાનક નિસરણી ચઢતાં પુરૂષને વચમાં સ્ત્રીના કેશનો મોહ ઉત્પન્ન થયો, તો તેથી શ્રેણી આરોહની સિદ્ધિ નથી. એવી રીતે વાળની જે નિર્ભત્સના કરી છે, તે વિષયક વૈરાગ્ય રસ દર્શાવ્યો છે. ॥૧॥

ये केशा लसिताः सरोरुहदशां चारित्रचन्द्रप्रभाभ्रंशांभोदसहोदरास्तव सखे चेतश्चमत्कारिणः ॥
क्लेशान्मूर्तिमतोऽवगम्य नियतं दूरेण तानुत्सृजेर्नोचेत् कष्टपरंपरापरिचितः शोच्यां दशामेष्यसि ॥२॥

અર્થ—હે સખે! કમળ પત્રના જેવાં નેત્રો વાળી સ્ત્રીના દેદિપ્યમાન કેશ, ચારિત્ર રૂપ ચંદ્રની જ્યોતિનો નાશ કરવાને વિષે મેઘ જેવા છે; અને જે તહારા અંતઃકરણમાં ચમત્કાર ઉત્પન્ન કરે છે, તેઓ મૂર્તિમાન ચક્ષુરિંદ્રિય ગમ્ય ક્લેશ છે; એમ નિશ્ચય જાણીને દૂર નાંખી દે. જો એઓનો તું ત્યાગ નહિં કરે, તો તું કષ્ટ પરંપરાએ યુકત થયો થકો શોક કરવા યોગ્ય અવસ્થાને પામીશ.

આ શ્લોકમાં સ્ત્રીના કેશને કલેશનું સાદૃશ્ય કહ્યું છે, તે આવી રીતે "લસિત" એ શબ્દ મૂળમાં છે, એનો અર્થ લકારે કરી સિત કહેતાં યુકત, કેશ શબ્દનો કલેશ શબ્દ થાય છે.

આ વૃત્તમાં, મેઘના વર્ણની સાથે સ્ત્રીના કેશની બરાબરી કરી છે, જેમ આકાશને વિષે મેઘ અતિ શોભાયમાન દીઠામાં આવે છે, તેમ સ્ત્રીના મસ્તકને વિષે કેશ અતિ લસિત એટલે દેદીપ્યમાન દીઠામાં આવે છે, સ્ત્રીના કેશ જે ચળકતા હોય તે શ્રેષ્ઠ કહેવાય છે. એ મુખ્ય કેશની શ્રેષ્ઠતાનો વિષય કહેતાં અંતરગત તે કેશ ધારણ કરનારી સ્ત્રીનાં નેત્રોને કમલપત્ર જેવાં કહ્યાં છે; એ બધો શૃંગાર રસ જાણવો. અને સ્ત્રીના એવા કેશ જોઇને પુરૂષના અંતઃકરણમાં મદનાદિ વિકાર રૂપ ચમત્કાર ઉત્પન્ન થાય છે, માટે તે કલેશ રૂપ કહ્યા છે. કેમકે, કામાદિ વિકારો કલેશ રૂપ કહ્યા છે. કલેશો અંતરના વિષય હોવાથી ચક્ષુના વિષય નથી, પરંતુ તેઓએજ

જાણે કેશ રૂપ મૂર્તિ ધારણ કરી હોયની એવી ઉત્પ્રેક્ષા થાય છે. એ કારણથી સ્ત્રીના દેદીપ્યમાન કેશને કલેશ રૂપ જાણીને તેનો તું ત્યાગ કર. એ વડે વૈરાગ્યરસ દર્શાવ્યો છે. ॥૨॥

ये शुध्धबोधशशिखंडनराहुचण्डाश्रितं हरन्ति तव वक्रकचाः कृशांग्याः ॥
ते निश्चितं सुकृतमर्त्यविवेकदेहनिर्दारणे ननु नवक्रकचाः स्फुरन्ति ॥३॥

અર્થ—હે પુરૂષ! નિર્મળ જ્ઞાન રૂપ ચંદ્રનું ગ્રાસન કરવા વિષે, સ્ત્રીના વાંકા કેશ રાહુ જેવા ક્રુર છે. તે તહારા અંતઃકરણમાં ચમત્કાર ઉત્પન્ન કરે છે. અર્થાત્ રાહુ જેમ ચંદ્રનો ગ્રાસ કરે છે, તેમ એ વાંકા કેશ તહારા જ્ઞાનનો નાશ કરનારા છે. અને તે જાણે સુકૃત રૂપ મનુષ્યના વિવેક રૂપ દેહનું વિદારણ કરવાને નવી કર્વતજ હોયની! એ ઉત્પ્રેક્ષા છે. એમાં "વક્ર કચ" એટલે વાંકા કેશ તે "નવક્રકચ" એટલે નવી કરવતના જેવા છે. એમ કહ્યાથી શ્લેષ રૂપ ચમત્કાર જાણવો.

આ વૃત્તમાં, સ્ત્રીના વાંકા કેશ હોય તે શ્રેષ્ઠ કહ્યા છે. સ્ત્રીના વક્ર કેશ પુરૂષના મનને મોહિત કરે છે. એથીજ અંતઃકરણમાં ચમત્કાર ઉત્પન્ન કરે છે, એમ કહ્યું છે. માટે એ શૃંગારરસ છે. અને સ્ત્રીના વાંકા કેશનું દર્શન થતાંજ પુરૂષનું મન વિહ્વલ થાય છે. દેહની પણ શુદ્ધિ રહેતી નથી. અને જ્ઞાનનો નાશ થઈ જાય છે. તેથી તેઓને રાહુ રૂપ કહ્યા છે. તેમજ વિવેક રૂપ શરીરને કાપવાને નવી કરવત જેવા કહ્યા છે, એમ જાણીને તેઓનો તું ત્યાગ કર. એ વૈરાગ્યરસ જાણવો. ॥૩॥

अलंकृतं कुन्तलभारमस्या विलोक्य लोकः कुरुते प्रमोदं ॥
वैराग्यवीरच्छिदुरं दुरन्तममुं न किं पश्यसि कुन्तभारम् ॥४॥

અર્થ—હે પુરૂષ! પુષ્પાદિકે કરી ગુંથેલા સ્ત્રીના બાંધેલા કેશોનો સમૂહ એટલે અંબોડો જોઇને આનંદને

પામે છે, પરંતુ એ વૈરાગ્ય રૂપ વીરનું છેદન કરનારૂં પ્રાસ નામનું દુઃસહ શસ્ત્ર છે. એમ તું કેમ જોતો નથી? અર્થાત્ સ્ત્રીના અલંકૃત "કુંતલભાર" એટલે જે શણગારીને બાંધેલા કેશ છે, તે કુંતભાર એટલે પ્રાસ નામા શસ્ત્રજ છે. એમ જાણવું. આ ઠેકાણે અલં એટલે લકાર રહિત, કૃત એટલે કરેલો, જે કુંતલભાર શબ્દ, તેનો કુંતભાર એવો શબ્દ થાય; તે યોગ્ય છે.

આ વૃત્તમાં, પુષ્પાદિકે કરી શૃંગારેલો કેશોનો અંબોડો પુરૂષને એવો રમણીય લાગે છે કે, તે જોઇને વૈ-રાગ્યવાન પુરૂષોનો વૈરાગ્ય પણ ઉગી જાય છે. એવી શ્રેષ્ઠતા કહી છે, તે શૃંગાર રસ છે. અને તે દુઃખે કરીને પણ સહન ન થાય, એવા પ્રાસ નામના શસ્ત્ર રૂપ છતાં વૈરાગ્યનો નાશ કરનારો છે. માટે તેનો ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૪॥

कस्तूरिकातिलकितं कुलीताष्टमींदु चित्ते विचिन्तयसि सौख्यनिमित्तमेकं ॥
वामभ्रुवां यदलिकं तदहो अलीकमित्याख्ययैव परया प्रवदन्ति रुपं ॥५॥

અર્થ—હે પુરૂષ! જેમાં કસ્તૂરીનું તિલક કર્યું છે, તેથી અષ્ટમિના ચંદ્ર જેવી જેની સુંદર ભ્રુકુટી દેખાય છે, તે અદ્વિતિય સૌખ્યનું કારણ છે, એવું તું અંતઃકરણમાં ચિંતવન કરે છે, તે વ્યર્થ છે. અહો ઇતિ આશ્ચર્યે! તે સ્ત્રીઓનું અલિક એટલે જે લલાટ છે, તેને પંડિત લોકો અલીક એટલે મિથ્યા કહે છે. અર્થાત્ અલિક એવાં બે રૂપ લલાટ વાચક છે; તેઓમાંના પહેલા રૂપને બીજા રૂપે કરી જાણ્ય, એટલે લલાટને મિથ્યા જાણ્ય. એ પણ શ્લેષજ છે.

આ વૃત્તમાં, અષ્ટમીનો ચંદ્ર અર્ધગોલાકાર છતાં બન્ને ખુણાએ સરખો દેખાય છે, તેના વચમાં શ્યામ વર્ણના ચાંદલાના જેવું દેખાય છે, તેથી તે અતિ શોભિત લાગે છે, તેમ સ્ત્રીનું પણ વાંકુ લલાટ છતાં તેમાં કસ્તૂરીનું તિલક કર્યું હોય, તો અતિ મનોહર દેખાય છે, તે જોઇને પુરૂષના મનને વિષે ઘણો આનંદ થાય છે;

તે શૃંગાર રસ છે. અને એ જે કસ્તૂરીના તિલક સહિત સ્ત્રીનું લલાટ અતિ શોભાયમાન દેખાય છે. તેમાં કાંઇ અર્થ નથી, કિંતુ વ્યર્થ છે; માટે તેનો ત્યાગ કરવો. એ વૈરાગ્ય રસ છે. ॥૫॥

न भ्रूरियं पंकजलोचनायाश्चकास्ति शृंगाररसैक पात्रं ॥
भूः किंत्वसौ साधुतरा प्रसूते निबंधनं मोहविषद्रुमस्य ॥६॥

અર્થ—હે પુરૂષ ! કમલ પત્રનાં જેવાં લોચન વાળી સ્ત્રીની શોભાયમાન ભ્રુકુટી છે, તે જાણે શૃંગાર રસનું એક પાત્રજ છે; તે અતિશય શ્રેષ્ઠ ભૂમિ છે. કેમકે, એ થકી મોહ રૂપ વિષયના વૃક્ષનો પ્રાદુર્ભાવ ઊત્પન્ન થાય છે. અર્થાત્ ભ્રુ એટલે ભ્રુકુટી તે સાધુતરા ભૂ એટલે ભૂમિ થાય છે, એમ કહ્યું; તેમાં આવી રીતે શ્લેષ છે–સા એટલે પ્રસિદ્ધ, ધ્રુતરા એટલે રેફરહિત એવો ભ્રૂ શબ્દ ભૂમિવાચક શબ્દ થયો તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીની જે શોભાયમાન ભ્રુકુટી, તેને શૃંગાર રસના પાત્ર રૂપે કહી છે; કેમકે, એને જોતાંજ પુરૂષને મોહ ઊત્પન્ન થાય છે. માટે એ શૃંગાર રસ છે. અને એ ભ્રુકુટી નથી પણ મોહ રૂપ વિષના વૃક્ષને ઊત્પન્ન કરનારી સારી ભૂમિ છે. એમ કહેવાથી વૈરાગ્ય રસ જાણવો. ॥૬॥

नवकुवलयदामश्यामलान् दृष्टिपातन् कृतपरमदनाशान् विक्षिपत्यायताक्षी ॥
इति वहसि मुदं किं मोहराजप्रयुक्तान् प्रशमभटवधार्थं विद्धयमून् दृष्टिपान् ॥७॥

અર્થ—હે પુરૂષ! વિસ્તીર્ણ નેત્રો વાળી સ્ત્રીનાં કુવલયની માળા જેવાં શ્યામ વરણ વાળાં, અન્યમદના નાશ કરનારાં જે કટાક્ષ, તે મહારા ઉપર નાખે છે. એમ જાણીને તું શા સારૂ હર્ષીત થાય છે? અરે ! એ જે દષ્ટિપાત (કટાક્ષ) છે તે પ્રશમ રૂપ શૂરવીરનો વધ કરવા સારૂ મોહ રાજાએ પ્રેરણા કરેલા ઋષ્ટિપાત એ-ટલે તરવારના પાત (ઘા) છે; એમ જાણ; અહિં દષ્ટિપાતનો ઋષ્ટિપાત આવી રીતે થયો છે–દષ્ટિપાત

શબ્દનું વિશેષણ મૂળમાં "કૃતપરમદનાશાન્" છે; એનો શ્લેષ કરી આ અર્થ થાય છે;–કૃત એટેટલે કર્યો, પ-રમ એટલે અત્યંત, દનાશ એટલે દદારનો નાશ થયાથી ઋષ્ટિપાત શબ્દ થાય છે; તે યોગ્ય છે.

આ વૃત્તમાં, વિસ્તીર્ણ નેત્રો વાળી સ્ત્રી કહી છે, એથી સ્ત્રીનાં વિશાળ નેત્રોને કવીઓએ ઉત્તમ કહ્યાં છે, એમ જાણવું. એવાં વિશાળ નેત્રોનાં જે કટાક્ષ, તે કુવલયની માળા જેવાં, અને અન્ય મદના નાશ કરનારા કહ્યાં છે; એટલે જે પુરૂષ ઉપર કુવલયની માળા જેવાં કટાક્ષ પડે તે પુરૂષ બીજા ગમે તેવા મદવાળો હોય, તો પણ તુરત તે સ્ત્રીની ઉપર મોહિત થઇને તેના કિંકર જેવો થઈ રહે છે. અને તે પોતાની ઉપર સ્ત્રીનાં કટાક્ષ પડયાં જોઇને અતિ આનંદિત થાય છે. માટે એ શૃંગાર રસ છે. અને તેવો લુબ્ધ થયેલો પુરૂષ મોહ રૂપ રાજાને વશ થયો થકો દુઃખી થાય છે. કેમકે, નેત્ર કટાક્ષ રૂપ તરવારના ઘાએ કરી તેના પ્રશમરૂપ શૂરવીરપ-ણાનો વધ થાય છે. તેનો તું ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૭॥

तस्याः कोपपदं यदाननमहोरात्रं स्मरन्नात्मनः संतापं वितनोषि काननमहो ज्ञात्वा सखे तत्त्यजेः ॥
एतस्मिन्वसता मनोभवमहासर्प्पेण दष्टः पुमान् कार्य्याकार्य्यविवेकशून्य-हृदयः कस्को न संजायते ॥८॥

અર્થ—હે સખે! કોપનું સ્થાનક જે સ્ત્રીનું આનન એટલે મુખ, તેનું રાત્રી દિવસ સ્મરણ કરીને તું પોતાને સંતાપ કરી લે છે, અહો ઇતિ ખેદે! તે આનન નથી પણ કાનન એટલે વન છે. એમ જાણીને મૂકી દે. કેમકે, એ વનમાં રહેનારો જે કામ રૂપ સર્પ, તે જે પુંરૂષને દંશ કરે છે, તે પુરૂષનું હૃદય કર્યાકાર્ય વિવેકથી શૂન્ય થઇ જાય છે. એવો કોણ છે, કે જે ઉકત વિવેકશૂન્ય ન થાય? કિંતુ સર્વ થાય છે. સામા-ન્ય સર્પના વિષે કરીને મૂર્ચ્છિત થયેલો પુરૂષ પણ શૂન્ય હૃદય વાળો થઇ જાય છે, તો જેને સર્પે દંશ કર્યો હોય, તેનું શું કહેવું! અહીં કોપપદ આનન કાનન છે. એમ કહ્યું છે, તેથી કોપપદ એટલે કકાર છે. ઉપપદ એટલે સમીપ પદ; જેનો એવો આનન શબ્દ કાનન શબ્દ થાય છે, તે યોગ્ય છે. એ શ્લેષ છે.

આ વૃત્તમાં, સ્ત્રીનું મુખ કોપાયમાન કહ્યું છે. તેનું કારણ એ કે, સ્ત્રીની મુખમુદ્રા યત્કિંચિત્ કોપાયમાન પુરૂષને દીઠામાં આવે, તો તેને કામવિકાર ઉત્પન્ન થાય છે. અથવા કોઈ કારણને લીધે સ્ત્રીને રીશ આવીને પુરૂષને પોતાની મુખમુદ્રા કોપાયમાન કરી દેખાડયાથી તેને પ્રીતિ ઊત્પન્ન થાય છે. અને વિવિધ પ્રકારે તેને સમજ્જા-વ્યાની આતુરતાને લીધે કામવિકાર ઉત્પન્ન થાય છે. એ અહીં શૃંગાર રસ જાણવો. અને સ્ત્રીના મુખને વન જેવું કહ્યું છે, ને તેમાં કામ રૂપ સર્પ રહે છે. તે દંશ કરીને પુરૂષના હૃદયને શૂન્ય કરે છે. એટલે સારાસાર વિવેક રહિત કરે છે; અર્થાત્ મૃતક તુલ્ય કરે છે. તેથી તેનો તું ત્યાગ કર. એ વૈરાગ્ય રસ જાણવો. ॥૮॥

साकरमालोक्य मुखं तरुण्याः किं मुग्धबुध्धे मुदमादधासि ॥
इदं हि चित्तभ्रमनाटकस्य विचक्षणैरामुखमाचचक्षे ॥९॥

અર્થ—હે રૂડી બુદ્ધિવાન પુરૂષ! તરૂણ સ્ત્રીનું સાકાર એટલે સુંદર મુખ જોઇને તું શાસારૂ આનંદિત થાય છે? એ મુખને વિદ્વાન પૂરૂષ નિશ્ચે કરી ચિત્તભ્રમ રૂપ નાટકનું આમુખ એટલે આધારંભ કહે છે. એટલે સાકાર એટલે આકાર સહિત જે મુખ હોય, તે આમુખ છે, તે યોગ્ય છે.

આ વૃત્તમાં, તરૂણ સ્ત્રીનું સુંદર મુખ કહ્યું છે, તેનું કારણ એ કે, મુખની સુંદરતા તારૂણ્યપણામાં હે છે. તે ગમે તેવી સારી બુદ્ધિ વાળા પુરૂષની બુદ્ધિને વિભ્રમ કરે છે. એટલે મોહિત કરે છે. એ શૃંગાર રસ છે. અને તરૂણ સ્ત્રીનું મુખ ચિત્તવિભ્રમ રૂપ નાટકનો અધારંભ છે, એટલે સ્ત્રીનું મુખ જોઇને મોહનો આરંભ થાય છે. જેમ નાટકનો આધારંભ સૂત્રધાર અને નટી પ્રમુખનાં ગાયન દ્વારા થાય છે, તે જોનારા પુરૂષના ચિત્તને મોહ ઉત્પન્ન કરે છે. તેમ એ પણ જાણવું. તેનો તું ત્યાગ કર્ય. એ વૈરાગ્ય રસ છે. ॥૯॥

कामज्वरातुरमते तव सर्वदास्यं वामभ्रुवां यदि कथंचिदवाप्तुमिच्छा ॥
यत्नं विनाप्यखिलजन्मपरंपरासु तज्जातमेव भवतो ननु सर्वदास्यं ॥१०॥

અર્થ—હે કામ રૂપ જ્વરથી પીડાયમાન થયેલી મતિવાળા પુરૂષ! જો સર્વદા એટલે સર્વકાળ સુંદર ભ્રકુટી વાળી સ્ત્રીનું આસ્ય એટલે મુખ કોઇ પણ પ્રકારે કરી તને પ્રાપ્ત થવાની ઇચ્છા હોય, તો નિશ્ચે કરી યત્ન શિવાય સંપૂર્ણ જન્મપરંપરાને વિષે સર્વદાસ્ય એટલે સર્વનું દાસપણું તને થયેલુંજ છે, એમ જાણવું. આ શ્લોકમાં બે ઠેકાણે "સર્વદાસ્ય" એ શબ્દ આવેલો છે. તે બન્નેનો અર્થ ભિન્ન ભિન્ન થાય છે. તેથી અહિં યમક જાણવો.

આ વૃત્તમાં, સુંદર ભ્રુકુટી વાળું સ્ત્રીનું મુખ કહ્યું. એથી જે સ્ત્રીની ભ્રુકુટી સારી હોય, તે સુરૂપ દીઠામાં આવે છે. તેનું મુખ કામી પુરૂષને અતિ પ્રિય લાગે છે. અને તેને જોતાંજ કામી પુરૂષની મતિ કામજ્વરથી પીડાયમાન થાય છે. એજ ઇહાં શૃગાર રસ છે. અને એવા સ્ત્રીના મુખની પ્રાપ્તિની ઇચ્છા જે પુરૂષ કરે છે, તે જન્મોજન્મને વિષે પરાધીન રહે છે. માટે તેનો તું ત્યાગ કર્ય. એ વૈરાગ્ય રસ જાણવો. ॥૧૦॥

तस्याः साधुरदं विलोक्य वदनं यः संश्रयत्यंजसा मुक्त्वा मुक्तिपथं हहा प्रविशति भ्रांत्या सदुर्गे वने ॥
तच्चात्यन्तमचारुबध्धवसतिर्येनात्ररागादिभिश्चौरैर्धर्मधनापहारकरणात्कष्टं न किं प्राप्यते ॥११॥

અર્થ—તે સ્ત્રીનું "સાધુ રદં" એટલે સારા દાંત વાળું વદન એટલે મુખ જોઇને જે પુરૂષ વેગે કરી તેનો આશ્રય કરે છે, એટલે તેમાં લુબ્ધ થાય છે, તે પુરૂષ, હા હા ઇતિ ખેદે! મુકિતમાર્ગને મૂકીને, વસતીને અરમ્ય કરીને દુઃખે કરી પણ ગમન ન થાય એવા વનને વિષે ભ્રાંતિયે કરી પ્રવેશ કરે છે. તે વન મર્યાદા રહિત છે. તેમાં ગમન કરનારા પુરૂષનું ધર્મ રૂપ ધન રાગાદિક ચોરો હરણ કરી જાય છે. તેથી શું કષ્ટની

પ્રાપ્તિ નથી થતી ? અહિં સાધુરદં વદન જે છે તે વન છે એમ કહ્યું છે તે આમ-સાધુરદં એ શબ્દનો પદચ્છેદ કરિયે તો સાધુઃ અદં એ બે પદ જુદાં થાય છે. એમાંના અદં પદ થકી દકાર રહિતપણું થાય છે. એમ વદનનું વન થાય છે, તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સારા દાંત વાળી સ્ત્રીનું મુખ જોતાંજ પુરૂષનું મન લુબ્ધ થઇ જાય છે. મુક્તિનો માર્ગ જે ધર્મધ્યાનાદિક તેને તે મૂકી દે છે. જેને વસતિ સારી લાગતી નથી, મદનને વશ થયો થકો વનાદિક એકાંત સ્થળમાં તે સ્ત્રી સહિત અથવા સ્ત્રીના આગમનની ઇચ્છાવાન થયો થકો વાસ કરે છે, અને તેથી મહા કષ્ટ સહન કરે છે. એવો સ્ત્રીના મુખ દર્શનનો જે પ્રભાવ તે અહિં શૃંગાર રસ છે. અને સ્ત્રીના મુખ રૂપ જે વન, તેમાં જે પુરૂષ પ્રવેશ કરે છે. તેનું ધર્મ રૂપ ધન રાગાદિકચોર લૂટી લે છે. માટે તેમાં લુબ્ધ થવું નહીં. એ અહિં વૈરાગ્ય રસ જાણવો. ॥૧૧॥

यियासससि भवोदधेर्यदि तटं तदेणीदृशामहीनमधरंधरं परिहरेः परं दुरतः ॥
इहास्फलनतोऽन्यथा विशदवासनानौ स्तव व्रजिष्यति विशीर्णतां न भविता ततो वांछितं ॥१२॥

અર્થ—હે પુરૂષ ! જો તું આ સંસાર સમુદ્રનો પાર લેવાની ઇચ્છા કરતો હોય, તો હરિણી જેવાં નેત્રો વાળી સ્ત્રીઓના અહીન એટલે અમૃતાદિ વડે પરિપૂર્ણ અધર એટલે ઓષ્ટ રૂપ ધર એટલે પર્વત જે છે, તેને તુ દૂર નાંખી દે. તે જો તું નહીં મૂકીશ તો તે પર્વતના સંઘટ્ટનના જોગે તહારી નિર્મળ વાસના રૂપ નૌકા ભાગી જશે. તેથી તહારૂં ઇચ્છેલું પાર પડશે નહીં. જેમ સમુદ્રમાં પર્વતના લાગવાથી વહાણ ભાગી જાય, તો જવા આવવાઆદિક ઇષ્ટ સિદ્ધિ થતી નથી, તે પ્રમાણે તું પણ આ ભવ સમુદ્રને પેલે પાર પહોંચી શકીશ નહીં. અહિં અહીન અધર જે છે, તે ધર એટલે પર્વતજ છે, એમ કહ્યું છે. તે આમ-જે અહીન એટલે અકારે કરી હીન એટલે રહિત અધર શબ્દ તે ધર શબ્દ થાય છે, તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીનાં નેત્રોને હરિણીનાં નેત્રોની બરાબરી કરી છે, એટલે હરિણીનાં નેત્રો અતિ વિશાળ અને સુશોભિત હોય છે, તેમ સ્ત્રીનાં નેત્રો પણ અતિ વિશાળ તથા સુશોભિત હોવાથી પુરૂષનું મન ખેંચી લે છે. તથા જે કામી પુરૂષ છે, તેને સ્ત્રીના અધરામૃતને વિષે ઘણી પ્રીતિ હોય છે, માટે અમૃતે કરી પૂર્ણ અધર કહ્યા છે. તે શૃંગાર રસ છે. અને તે અધર છે, તે પર્વતજ છે. કેમ કે, જે પુરૂષ તે અધરને વિષે લુબ્ધ થાય છે, તે સંસારથી છુટી શકતો નથી. એ વૈરાગ્ય રસ છે. ॥૧૨॥

नभातीदं भ्रातः स्फुरदरुणरत्नौघकिरणप्रतानं तन्वंग्यास्तरलतरलं कुंडलयुगं ॥
दमं दुग्धं पुंसामिह विरहसंयोगदशयोर्ज्वलध्धोकानंगज्वलनयुगिदं कुंडयुगलं ॥१३॥

અર્થ—હે ભાઈ! દેદીપ્યમાન રકતવર્ણ રત્નોનો કિરણ સમૂહ છે જેના વિષે, તથા "તરલ તરલં" એટલે જે અત્યંત ચંચળ છે. એવા કૃશાંગી એટલે પાતળા અંગ વાળી સ્ત્રીના જે "કુંડલયુગં" એટલે જે બે કાનના કુંડલ છે, તે શોભતા નથી; કીંતુ વિરહ દશા અને સંયોગ દશામાં શોક તથા કામાગ્નિયે કરી યુકત છે. એટલે વિરહાવસ્થામાં શોકાવિર્ભાવ, તથા સ્ત્રી પુરૂષની સંયોગાવસ્થામાં કામાગ્નિનો આવિર્ભાવ થાય છે. અને આ સંસારને વિષે પુરૂષના શાંતિ રૂપ દુધને બાળવા વાળા એ કુંડયુગલ એટલે બે કુંડ છે. એમ જાણ્ય. અહીં કુંડલયુગ તે કુંડયુગલ થાય છે. તે આવી રીતે—કુંડલયુગ શબ્દનું વિશેષણ તરલતરલં એવું છે. એનો શ્લેષાર્થ આમ છે.—તરલતર એટલે ચંચળ છ. લ એટલે લકાર જેમાં એવો જે કુંડલયુગ શબ્દ, તેમાંનો લકાર કહાડી નાંખિયે તો કુંડયુગ શબ્દ થાય છે. અને યુગ શબ્દ થયા પછી તેના અંતમાં લકાર જોડીયે તો કુંડયુગલ શબ્દ થાય છે; તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીના કાનને વિષે દેદીપ્યમાન રત્નજડિત જે બે કુંડળ હોય છે, તે સ્ત્રી રૂપમાં અતિ વૃ-દ્ધિ કરે છે. અને ચંચળ હોવાથી અતિ સુશોભિત દેખાય છે. તેમાં પણ કૃશાંગી એટલે પાતળા અંગ વાળી

સ્ત્રીને અતિ શોભે છે. એ શૃંગાર રસ છે. અને એ જે બે કુંડળ છે, તે શોભાકારક નથી, પણ વિરહદશા તથા સંયોગદશામાં શોક તથા કામાગ્નિના ઉત્પન્ન કરનારા છે, એ પુરૂષની શાંતિ રૂપ દુધને નાશ કરનારા છે, તેથી કુંડ રૂપ છે. તેનો તું ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૧૩॥

ताडकं सस्पृहं तस्याः पश्यन्मूढ परे भवे ॥
नरो नरकपालेभ्य स्ताडंकं न सहिष्यते ॥१४॥

અર્થ—હે મૂર્ખ પુરૂષ! તે સ્ત્રીનું સાભિલાષ "તાડંક" એટલે કર્ણ ભૂષણ અવલોકન કરતાં આગળ આવનારા ભવ મધ્યે નરક પાલન કરનારા અધમ પરમાધર્મિ પુરૂષોની પાસેથી "કંતાડ" એટલે કોણ આઘાત સહન કરનાર નથી? અપિતુ સર્વ આઘાત સહન કરશે. અહિં "તાડંક" એ શબ્દ બે વાર આવ્યો છે, તેઓનો અર્થ ભિન્ન ભિન્ન છે. એ યમલંકાર છે.

આ વૃત્તમાં, સ્ત્રીનાં કાનનાં કુંડળ જોતાંજ પુરૂષને એવી અભિલાષા થાય છે કે, એ કુંડળે કરી શોભાયમાન સ્ત્રી મને પ્રાપ્ત થાય તો સારૂં. એ શૃંગાર રસ છે. અને અભિલાષાએ કરી સ્ત્રીનાં કુંડળોને જે પુરૂષ જુએ છે, તે આવતા ભવમાં નરકના પાલન કરનારા પરમાધર્મી દેવતાઓનો માર ખાય છે. માટે એનો ત્યાગ કરવો. એ વૈરાગ્ય રસ છે ॥૧૪॥

सारं गलं यमरविंदविलोचनाना मालोक्य चेतसि मुदं कलयन्ति मूढाः ॥
हा निश्चितं रचित मुक्तिपुरप्रवेशव्यापेधमर्ग्गलममुं न विचारयंति ॥१५॥

અર્થ—હે મુઢ! કમળનાં જેવાં નેત્રો વાળી સ્ત્રીઓનો જે સાર એટલે શ્રેષ્ટ, ગલ એટલે કંઠ અવલોકન કરીને પુરૂષો અંતઃકરણમાં હર્ષ પામે છે. પરંતુ હા ઇતિ ખેદે! એ જે ગલ છે, તે મુક્તિ નગરીમાં પ્રવેશ

કરવાને વિષે પ્રતિબંધ કરનાર હોવાથી અર્ગલ છે. એવો વિચાર કરતા નથી. અહિં સાર એટલે અરસહિત ગલ શબ્દ તે અર્ગલ શબ્દ થાય છે, તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીના કંઠની શ્રેષ્ટતા કહી છે. જો સ્ત્રીનો કંઠ સારો હોય, તો તેને જોતાંજ પુરૂષ આનંદીત થાય છે. અર્થાત્ કામની ઇચ્છા ઉત્પન્ન થાય છે. તે અહિં શૃંગાર રસ છે. અને એવા અભિલાષી પુરૂષોનો મુક્તિ રૂપ નગરીમાં પ્રવેશ થતો નથી, માટે તેનો ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૧૫॥

अलं प्राप्य स्पर्शं कुचकलशयोः पंकजदृशां परां प्रीतिं भ्रातः कलयसि सुधामग्न इव किं ॥
अवस्कंदं धर्माक्षितिपकटके दातुमनसा प्रयुक्तं जानीयाः कलुषचरटेन स्पशमिमम् ॥१६॥

અર્થ—હે ભ્રાત ! જેનાં કમળના મત્ર જેવાં નેત્ર છે, એવી સ્ત્રીયોના સ્તન રૂપ જે કુંભ છે, તેને અલ એટલે અત્યંત સ્પર્શ પામીને અમૃતમાં મગ્ન થઈ જનારા જેવો તું, તે શું ઉત્કૃષ્ટ પ્રીતિને પામે છે ? એ સ્પર્શ, ધર્મ રૂપ રાજાની સૈન્યને પ્રહાર કરવાનું છે જેના મનમાં, એવા કલુષ એટલે પાપ રૂપ ભીલે મોકલેલો સ્પશ એટલે જાસૂદ છે, એમ તું જાણ્ય. અહિં અલં સ્પર્શ જે છે તે સ્પશ છે, એમ કહ્યું. રેફ અને લકાર એકજ હોય છે, એવો નિયમ છે. માટે અલં એટલે જેમાં રેફ નથી એવો સ્પર્શ શબ્દ જે છે, તે સ્પશ શબ્દ થાય છે, તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીના સ્તનની ઉત્કૃષ્ટતા કહી છે. એટલે પુરૂષને સ્ત્રીના સ્તનનો સ્પર્શ થતાંજ અમૃતને વિષે મગ્ન થઇ ગયેલા પુરૂષની પેઠે આનંદ ઉત્પન્ન થાય છે. એ શૃંગાર રસ છે. અને એ સ્તન જે છે, તે ધર્મનો નાશ કરવાને અર્થે પાપનો એક છાનો જાસૂદ છે, માટે તેનો તું ત્યાગ કર એ વૈરાગ્ય રસ છે. ॥૧૬॥

पीनोन्नतं स्तनतटं मृगलोचनाया आलोकसे नरहितं यदपूर्वमेतत् ॥
मोहान्धकार निकरक्षयकारणस्य विद्यास्तदस्ततटमेव विवेकभानोः ॥१७॥

અર્થ—મૃગના જેવાં લોચન વાળી સ્ત્રીનાં જે પુષ્ટ અને ઉન્નત સ્તનતટ એટલે બે સ્તનો છે. તે નર હિત એટલે પુરૂષને હિતકારક ભાસે છે, અને અપૂર્વ એટલે પ્રતિક્ષણ પુરૂષને ચમત્કાર ઉત્પન્ન કર છે, તેનુ તું અવલોકન કરે છે, પણ તે મોહ રૂપ અંધકારનો ક્ષય કરવાનું કારણ વિવેક રૂપ સૂર્યના અસ્તતટ છે. અર્થાત્ એ થકી જ્ઞાન રૂપ સૂર્યનો અસ્ત થાય છે. આ પદ્યમાં સ્તનતટ જે છે, તેને તું અસ્તતટ જાણ્ય એમ કહ્યું. કેમ કે, નરહિતં અને અપૂર્વ એ બે સ્તનતટનાં વિશેષણો છે, તેઓ જેની આદ્યમાં અકાર છે, એમ કર્યાથી સ્તનતટનો અસ્ત તટ શબ્દ થાય છે; તે યોગ્ય છે.

આ વૃત્તમાં, મૃગનાં જેવાં લોચન વાળી સ્ત્રીનાં માંસથી ભરેલાં અને ઊંચાં રહેલાં જે બે સ્તન છે, તે પુરૂષને અતિ સુખ કરનારાં લાગે છે. અને પુરૂષના મનમાં કામ વિકાર ઉત્પન્ન કરે છે. માટે એ શૃંગાર રસ છે. અને એજ સ્તનોનું વિલોકન કરનારા પુરૂષોનો વિવેક નાશ થઈ જાય છે, એટલે કામવિહ્વલ થયો થકો તેને કાંઇ સૂઝતું નથી; તેથી તેનો ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૧૭॥

कंदर्प्पद्विपकुम्भचारुणि कुचद्वंद्वे मृगाक्ष्या मया न्यस्तो हस्त इति प्रमोदमदिरामाद्यन्मना मास्मभूः ॥
किंत्वाजन्म यदर्जितं बहुविधामभ्यस्य कष्ट क्रियां हस्तोऽयंसुकृतस्य तस्य सहसाऽदायीति संचिंतयेः ॥१८॥

અર્થ—હે સખે! કામ રૂપ હસ્તિના ગંડસ્થળ જેવા મનોજ્ઞ જે મૃગાક્ષી સ્ત્રીનાં બે સ્તન છે, તેને વિષે મેં હસ્તસ્થાપન કર્યા છે, એમ જાણીને હર્ષ રૂપ મદિરાએ કરી મદોન્મત્ત અંતઃકરણ વાળો તું નહીં થા. કેમ કે, નાના પ્રકારની તપાનુષ્ઠાનાદિ રૂપ જે કષ્ટ સાધ્ય ક્રિયા છે, તેનો અભ્યાસ કરીને જન્મે કરી સંપાદન કરેલાં જે સુકૃત એટલે પુણ્ય, તેને તેં આડો હાથ દીધો છે. જેમ કે, કોઇ બહારથી આવનારા પુરૂષને હસ્ત પ્રદાન સંજ્ઞાએ કરી નિષેધ કરે, તેમ કુચદ્વંદ્વને વિષે હસ્ત પ્રદાને કરીને સુકૃતનો તેં નિષેધ કર્યો છે; એવો જે તું તે મનમાં વિચાર કર. આ પદ્યમાં સ્તન ઉપર હાથ રાખ્યો અને સુકૃતને હાથ દીધો એજ ચમત્કાર છે.

આ વૃત્તમાં, કામ રૂપ હસ્તિ કહયો છે. ને તેના ગંડસ્થળ રૂપ સ્ત્રીનાં બે સ્તન કહ્યાં છે. તે જ્યારે પુરૂષ હાથને વિષે ગ્રહણ કરે છે, ત્યારે મદનાતુર થયો થકો મહા હર્ષને પામે છે, એ શૃંગાર રસ છે. અને નાના પ્રકારે કષ્ટ કરીને સંપાદન કરેલાં સુકૃતનો નિષેધ કરે છે, માટે તેનો ત્યાગ કર; એ વૈરાગ્ય રસ છે ॥૧૮॥

कंठोपकंठे लुलितं विभावयेर्भुजं युवत्या भुजगं गराजितम् ॥

एतस्य संस्पर्शवशादपि क्षणादशेषचैतन्यमुपैति संक्षयम् ॥१९॥

અર્થ—કંઠની પાસે વળેલા ગર એટલે વિષે કરીને અજિત એવા જે તરૂણ સ્ત્રીના ભુજ એટલે બાહુ, તે ભુજગ એટલે સર્પજ છે; એમ તું જાણ્ય. એ સર્પના સ્પર્શ માત્રે કરી સંપૂર્ણ ચૈતન્ય ક્ષણમાત્રમાં નાશને પામે છે. જેમ સર્પના સ્પર્શે કરી ચૈતન્યનો નાશ થાય છે; તેમજ તરૂણ સ્ત્રીના ભુજસ્પર્શથી ચૈતન્ય નાશ થાય છે. ભુજનો ભુજગ આવી રીતે થાય છે.–ભુજ શબ્દનું વિશેષણ ગરાજિત છે. તેનો અર્થ ગકાર અક્ષરે કરી રાજિત એટલે યુકત થયાથી ભુજગ શબ્દ થાય છે. તે યુંકત છે.

આ વૃતમાં, કંઠની પાસે વાંકા વળેલા સ્ત્રીના બે હાથ પુરૂષને અડકતાંજ પુરૂષ અતિ મોહિત થયો થકો પોતાના શરીરની શુદ્ધિ પણ રહેતી નથી. એ શૃંગાર રસ છે. અને એ બે સ્ત્રીના હાથ છે, તે સાક્ષાત્ સર્પ રૂપ છે. કેમકે, એનો સ્પર્શ થયાથી પુરૂષ બેશુદ્ધ થઇ જાય છે. માટે તેનો તું ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૧૯॥

कंठावसक्ते कुपिते नवाहौ वरं बहिःप्राणहरे प्रमोदः ॥

विध्वस्तधर्मान्तरजीवितेनुः स्त्रैणे न वाहौ विदुषां स युक्तः ॥२०॥

અર્થ—બાહ્ય પ્રાણનો નાશ કરનારો ક્રોધાયમાન જે નવાહો એટલે નવીન સર્પ, તે પુરૂષના ગળામાં

સંલગ્ન થાય તે સારૂ; પરંતુ ધર્મ રૂપ અભ્યંતર જીવિત નાશ કરનારા જે સ્ત્રી સંબંધી વાહો એટલે ભુજ, તે પુરૂષના ગળામાં સંલગ્ન થયાથી જે હર્ષ થાય છે, તે પંડિત પુરૂષને યોગ્ય નથી. કેમકે, સર્પ, કંઠ સંલગ્ન છતાં બાહ્ય પ્રાણનો નાશ કરે છે, પણ સ્ત્રીયોના બાહુ છે, તે કંઠ સંલગ્ન થયાથી અંતર પ્રાણનો નાશ કરે છે; માટે સ્ત્રીએ પોતાના હાથથી કરેલું આલિંગન સર્પ કરતાં પણ અધિક દુઃખ દેનાર છે. આ શ્લોકમાં નવાહો શબ્દ બે વખત આવ્યો છે. તેનો અર્થ જુદો જુદો છે.

આ વૃત્તમાં, સ્ત્રી જ્યારે પોતાની ભુજા વડે પુરૂષને આલિંગન કરે છે, ત્યારે પુરૂષ પોતાના પ્રાણની પણ પરવા રાખતો નથી, એવો કામાતુર થાય છે; એ શૃંગાર રસ છે. અને સર્પ ગળામાં બાઝી પ્રાણ લે તે સારૂં, પણ સ્ત્રીનું આલિંગન ભલું નહી; કેમકે, તેથી માઠાં કર્મ બંધાઇને અંતરાત્માનો નાશ કરે છે. માટે તેનો ત્યાગ કરવો ઉચિત છે. એ વૈરાગ્ય રસ છે. ॥૨૦॥

कोयं विवेकस्तव यन्नतभ्रुवां दोषावगूढः प्रमदं विगाहसे ॥
यतः स्मरातंकपरीतचेतसां किं सुंदरासुन्दरयोर्विवेचनम् ॥२१॥

અર્થ—હે સાધુ ! આ તહારો કયો વિવેક છે કે, નમ્ર છે ભ્રુકુટી જેઓની એવી સ્ત્રીના દોષાવગુઢ એટલે ભુજાએ આલિંગન થયો થકો તું ઉત્કૃષ્ટ મદને પામે છે ! કેમકે, કામ રૂપ રોગે કરીને જેના અંતઃકરણ વ્યાપ્ત થયા છે, એવા પુરૂષને સારા તથા નરસાનું વિવેચન થતું નથી. જેમ અપસ્મારાદિ (મરી) રોગ વાળા પુરૂષને શુભાશુભ જ્ઞાન હોતું નથી, તેમ તને પણ થયું છે. અથવા તહારો વિવેક દોષાવગુઢ એટલે દોષે કરીને યુક્ત છે. એવો અર્થ પણ થાય છે. માટે એ તહારો કેવો વિવેક છે? એમ કહેવું યોગ્યજ છે.

આ વૃત્તમાં, પુરૂષને સ્ત્રીએ આલિંગન કર્યું છતાં, તે ગમે તેવો વિવેકી હોય, તો પણ તે એક કોરે રહીને કામાતુર થયો થકો હર્ષીત થાય છે; એ શૃંગાર રસ છે. અને સ્ત્રીના આલિંગનથી પુરૂષના વિવેકનો

નાશ થાય છે, અને અંતઃકરણમાં અવિવેક આવે છે, માટે તેનો તું ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૨૧॥

हंहो विलोक्य परमं गदमंगनानामानंदमुद्वहसि किं मदनांधबुद्धे ॥
सत्यं विवेकनिधनैकनिमित्तमेतन्मेधाविनो हि परमंगदमुगृणान्ति ॥२२॥

અર્થ—હે કામે કરી અંધ બુદ્ધિ વાળા પુરૂષ! સ્ત્રીયોના પરમંગદ એટલે ઉત્કૃષ્ટ બાજુબંધ જોઇને તું શું આનંદ પામે છે? પંડિત લોકો જે છે; તે એ બાજુબંધને જ્ઞાનનો નાશ કરનારો પરમ એટલે ઉત્કૃષ્ટ ગદ એટલે રોગ કહે છે; તે સત્ય છે. કેમકે, જેમ રોગ જીવના નાશનો હેતુ છે તેમ સ્ત્રીનો બાહુભૂષણ પણ જ્ઞાનના નાશનો હેતુ છે. એ પદ્યમાં પરમંગદ એ બે વખત આવ્યો છે, તેનો અર્થ જુદો જુદો છે, એવો યમક રૂપ ચમત્કાર છે.

આ વૃત્તમાં, સ્ત્રીના બાહુનું ભૂષણ જે બાજુબંધ છે, તે પુરૂષના મનને એવો મોહિત કરી લે છે કે, પુરૂષ કામાંધ થયો થકો મહા હર્ષને પામે છે. એ શૃંગાર રસ છે. અને એ જે બાજુબંધ છે, તે આનંદ કરનારો નથી, પણ જીવનો નાશ કરનારો મ્હોટો રોગ છે, એમ જાણીને તેનો તું ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૨૨॥

अयं जनो वलयभरं विलोकते मृगीदृशामधिभुजवल्लि बालिशः ॥
नबुध्यते सुकृतचमूं जिगीषतः समुद्यतं बलभरमेनमेनसः ॥२३॥

અર્થ—અયં એટલે આ પ્રત્યક્ષ મૂર્ખ જન જે છે, તે હરિણાક્ષી સ્ત્રીયોના ભુજલતાને વિષે વલયભર એટલે જે કંકણ સમૂહ છે, તે જુએ છે. પરંતુ એ વલય જે છે, તે સુકૃત જે શીળાદિક તેઓને જીતવાની ઇચ્છા વાળો એવો પાપનો સાવધાનીભૂત બલભર એટલે સેનાસમુહ છે; એમ જાણ્ય. આ પદ્યમાં વલયભર

જે છે, તે બલભર છે, એમ કહ્યું છે; બકાર અને વકારનું ઐક્ય છે. વલયભર શબ્દનું વિશેષણ અય એ શબ્દ છે, એનો અર્થ અ રહિત યં થાય છે; તેથી વલયભર શબ્દ, બલભર થયો તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીઓના હાથમાં જે કંકણ હોય છે, તેને જોઇને જે મુર્ખ જન છે; તે આનંદને પામે છે. એ શૃંગાર રસ છે; અને એ જે કંકણનો સમુહ છે, તે શોકાદિકનો નાશ કરનારો છે, માટે તેનો તું ત્યાગ કર; એ વૈરાગ્ય રસ છે. ॥૨૩॥

ये दृक्पथे तव पतंति नितंबिनीनां कान्ता: कराजडिमपल्लवनप्रवीणा: ॥

नो वेत्सि तान् किमपवर्गपुरप्रयाण प्रत्यूहकारणतया करकानवश्यम् ॥२४॥

અર્થ—હે જડતાના પ્રકટીકરણ કરવા વિષે નિપુણ પુરૂષ ! નિતંબીની સ્ત્રીઓના કાંત એટલે મનોજ્ઞ કર એટલે હાથ તહારી દૃષ્ટિરૂપ માર્ગમાં આવે છે, તેઓને મોક્ષ રૂપ નગરી પ્રત્યે જતાં કરક એટલે કરાની પેઠે વિઘ્ન કરનારા કેમ જાણતો નથી? બહાર જતાં જો માર્ગમાં કરાની વૃષ્ટિ થાય તો ઇચ્છેલા કાર્યની સિદ્ધિ થાય નહિ. એવું શકુન શાસ્ત્રમાં કહ્યું છે. આ પદ્યમાં સ્ત્રીના કર જે છે, તે કરકજ એમ કહ્યું છે. તે આવી રીતે–કર શબ્દનું વિશેષણ કાંત શબ્દ છે, એનો અર્થ ક છે જેના અંતને વિષે એવો થાય છે, અર્થાત્ કર શબ્દના અંતે ક કાર રાખીએ તો કરક થાય; તે યોગ્ય છે.

આ વૃતમાં, જડતાનું પ્રકટીકરણ કરવા વિષે સ્ત્રીના હાથ નિપુણ છે, એટલે સ્ત્રીના હાથ વડે પુરૂષને સ્પર્શાદિ થતાંજ તે ગમે તેવો ધર્માદિકને વિષે સાવધ હોય, તો પણ દિગ્મૂઢ એટલે કામને વશ થઇ જાયછે, ને તેમાં તે પોતાને પરમાનંદ માને છે; એ શૃંગાર રસ છે. અને સ્ત્રીના કરસ્પર્શાદિકે કરીને સ્તબ્ધ બની ગએલા પુરૂષને મોક્ષનો માર્ગ જે ધર્મ, તે સૂઝતો નથી; માટે તેનો તું ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૨૪॥

नीव्याप्तमस्या हरिणेक्षणाया यं वीक्ष्य हारं हृदि हर्षमेषि ॥
विवेकपंकेरुहकाननस्य तमेव नीहारमुदाहरन्ति ॥२५॥

અર્થ—નીવી એટલે વસ્ત્ર, તેની ગાંઠ પર્યંત હરિણાક્ષી સ્ત્રીયોનો જે લંબાયમાન હાર, તેને જોઇને તું પોતાના મનમાં આનંદને પામે છે, તે હારને પંડિત લોક, જ્ઞાન રૂપ કમળના વનને નીહાર એટલે હિમ કહે છે. જેમ હિમ, કમળના વનને નાશ કરનારો છે, તેમ સ્ત્રીના હૃદય ઊપરનો જે હાર, તે જ્ઞાનને નાશ કરનારો છે. આ પદ્યમાં હારને નીહાર કહયો છે, તે આમ–હાર શબ્દનું વિશેષણ નીવ્યાપ્ત છે. એનો અર્થ આ છે–ની શબ્દે કરી વ્યાપ્ત એટલે જે યુક્ત હાર શબ્દ તે નીહાર શબ્દ થાય છે, તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીના હૃદયનો જે લાંબો હાર તે જોતાંજ પુરૂષને અતિ આનંદ ઉત્પન્ન થાય છે. એ શૃંગાર રસ છે. અને તે હાર જે છે, તે જ્ઞાન રૂપ કમળના વનને બાળવામાં હિમ જેવો છે, એટલે તે હારમાં લુબ્ધ થયેલા પુરૂષનું જ્ઞાન નાશ થઇ જાય છે. માટે તેનો ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૨૫॥

विलोक्य किं सुन्दरमंगनोदरं करोषि मोहं मदनज्वरातुर ॥
नोईक्षसे दुर्गतिपातसंभवं भवान्तरे भाविनमंगनोदरम् ॥२६॥

અર્થ—કામજ્વર વડે પીડાને પામેલા હે પુરૂષ! સુંદર અંગના એટલે સ્ત્રીનું ઉદર જોઇને તું કેમ મોહને પામે છે? અંગ એટલે, હે પુરૂષ! એ ઊદર નથી પણ જન્માંતરને વિષે અને નરકને વિષે પડયાથી ઉત્પન્ન થનારા જે દર એટલે ભય; તેજ છે. એવો કેમ વિચાર કરતો નથી? આ પદ્યમાં અંગનોદર એ પદ બે વખત છે. તેઓનો પદ વિભાગે કરી ભિન્ન અર્થ છે. તે અહિં યમક રૂપ ચમત્કાર જાણવો.

આ વૃત્તમાં, સ્ત્રીનું ઉદર જોઇ પુરૂષ મોહને પામીને કામજ્વરની પીડાને પામે છે. એ શૃંગાર રસ છે.

અને એ ઊદર નથી, પણ જન્માંત્તર તથા નરકમાં થનારો ભય છે. એમ જાણીને તેનો તું ત્યાગ કર, એ વૈરાગ્ય રસ છે. ॥૨૬॥

स्फूर्जन्मनोभवभुजंगमपाशनाभि नाभि कुरंगकदृशां दृशि यस्य लग्ना ॥
नाभीमयं जगदशेषमुदीक्षतेऽसौ यो यत्र रज्यति स तन्मयमेव पश्येत् ॥२७॥

અર્થ—દેદીપ્યમાન કામ રૂપ સર્પનું પાશનાભી એટલે રહેવાનું સ્થાન જે હરિણાક્ષી સ્ત્રીઓની નાભી એટલે અવયવ વિશેષ; તેને વિષે જે પુરૂષની દૃષ્ટિ લગ્ન એટલે લાગેલી છે, તે પુરૂષ અભીમય એટલે નિર્ભય અવલોકન કરતો નથી, જે પુરૂષ જે ઠેકાણે અનુરકત થાય છે, તે પુરૂષ સંપૂર્ણ તદ્રૂપ થાય છે. આ પદ્યમાં દૃષ્ટિ સંલગ્ન નાભિ, નાભીમય સંપૂર્ણ જુએ છે, એ શબ્દ શ્લેષ ચમત્કાર છે.

આ વૃતમાં, સ્ત્રીની નાભિ છે, તે કામને રહેવાનું સ્થાન છે. એટલે તે નાભિને જોતાંજ પુરૂષને કામવિકાર ઉત્પન્ન થાય છે, એ શૃંગાર રસ છે. અને જે પુરૂષ એ નાભિને વિષે આસકત થાય છે, તે અનેક ભયને પામે છે, માટે એનો તું ત્યાગ કર; એ વૈરાગ્ય રસ છે. ॥૨૭॥

जडोपयुक्तं जघनं मृगाक्ष्याः समीक्ष्य किं तोषभरं तनोषि ॥
अमुं विशुद्धाध्यवसायहंसप्रवासहेतुं घनमेव विद्याः ॥२८॥

અર્થ—હે સખે! જડ એટલે મૂર્ખ, તેઓને ઊપયુકત એટલે યોગ્ય, એવા હરિણાક્ષી સ્ત્રીના જે જઘન એટલે જાંઘ, જોઇને તું કેમ આનંદ પામે છે? એ જઘન જે છે, તે નિર્મળ ચિત્તાભિપ્રાય રૂપ હંસના પ્રવાસને કારણ ભૂત ઘન એટલે મેઘ છે, એમ તું જાણ્ય. અર્થાત્ જ્યારે વર્ષા પડે છે, ત્યારે હંસ પોતાનું સ્થાન મુકીને માનસ સરોવર ઊપર જાય છે. એ પ્રસિદ્ધ છે. તેમ મનુષ્યની દૃષ્ટિને વિષે સ્ત્રીની જંઘા આવે છે,

ત્યારે ચિત્તના નિર્મળ અભિપ્રાય મટી જાય છે. આ પદ્યમાં જડોપયુક્ત જઘન જે છે. તે ઘન છે એમ કહ્યું છે, ડકાર અને લકારનું સાવર્ણ્ય હોવાથી જડોપયુક્ત શબ્દનો જલોપયુક્ત શબ્દ કરવો એટલે ડકારના લોપ સહિત જે જઘન, તે ઘન થાય છે. તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીની જાંઘ મૂર્ખ કામી પુરૂષોને અતિ પ્રિય લાગે છે. ને તે તેમાં લુબ્ધ હોય છે, એ શૃંગાર રસ છે. અને નિર્મળ ચિત્તના અભિપ્રાયનો નાશ કરે છે. અર્થાત્ સ્ત્રીની જંઘા નિરખ્યાથી પુરૂષનું ચિત્ત મલિન થાય છે. માટે ત્યાગ કરવા યોગ્ય છે. એ વૈરાગ્ય રસ છે. ॥૨૮॥

नितंबमुल्लासिततापनोदं दिदृक्षसे यत्कमलेक्षणानाम् ॥
सर्वात्मनात्यन्तकटुं विदित्वा तं निंबमेव त्यज दूरतोऽपि ॥२९॥

અર્થ—સંતાપની પ્રેરણા કરનારા કમળનયના સ્ત્રીના જે નિતંબ, એટલે કટિનો પાછલો ભાગ, જોવાની તું ઇચ્છા કરે છે, તે નિતંબ, પત્ર, પુષ્પ તથા ફળ ઇત્યાદિકના સમૂહે કરી અત્યંત કડવા ઝાડના જેવા છે. એમ જાણીને દૂર નાંખી દે. અર્થાત્ નિંબનું ઝાડ સર્વ પ્રકારે કડવું હોય છે, તેમ સ્ત્રીના નિતંબ સર્વ પ્રકારે ગ્લાનિ કરવા યોગ્ય છે, તેનો તુ ત્યાગ કર. આ પદ્યમાં ઉલ્લસિત તાપનો દેનાર જે નિતંબ તે નિંબવૃક્ષજ છે, એમ કહ્યું. તે આમ—ઉલ્લસિત એટલે વિકસિત છે તકારનો અપનોદ એટલે નાશ જેને વિષે, એવો નિતંબ શબ્દ નિંબ શબ્દ થાય છે, તે યોગ્ય છે.

આ વૃત્તમાં, કમળના જેવાં નેત્રો વાળી સ્ત્રીના જે બે નિતંબ છે, તે સંતાપની પ્રેરણા કરનારા છે. એટલે સ્ત્રીની કટિનો પાછલો ભાગ જોયાથી અત્યંત મદન વિકાર ઉત્પન્ન થાય છે. તે ઇચ્છા પૂર્ણ ન થયાથી તેના મનમાં સંતાપ થાય છે. એવો તે નિતંબોનો જે પ્રભાવ છે, તે શૃંગાર રસ છે. અને સ્ત્રીઓના નિતંબ નિંબડાના ઝાડ જેવા કડવા છે. માટે એનો તું ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૨૯॥

नूनं नूपुरमेतदायतदृशो रागादिविद्वेषिणां क्रीडार्थं पुर मित्यवेत्य न दृशाप्यालोकनीयं क्वचित् ॥
येनास्मिन्मुखमात्रचंगिमगुणैराकृष्य तैरुल्बणैर्बद्धस्य प्रसभं चिरादपि सखे मुक्तिर्भवित्री न ते ॥३०॥

અર્થ—હે સખે ! નૂનં એટલે નિશ્ચે કરી વિશાળ નેત્રો વાળી સ્ત્રીનાં જે આ નૂપુર એટલે ચરણભૂષણ, રાગાદિ શત્રુને ક્રિડા કરવાનું પુર એટલે નગર છે, એમ જાણીને ક્યારે પણ નજરે કરી જોઈશ નહીં. જેને પોતાનું સારૂ થવાની ઈચ્છા હોય, તેણે ક્યારે પણ શત્રુનું નગર જોવું નહીં. કેમકે, એ નગર પ્રસિદ્ધ, ઉદાર, તથા મુખ્યત્વે શ્રેષ્ટ ગુણે આકર્ષણ કરી બળાત્કારે કરી તને બાંધી લેશે. તેથી ફરી તું છુટી શકનાર નથી. અર્થાત્ તે નૂપુરમાં જો તું આસકત થઇશ, તો ફસાઇ પડીશ. આ પદમાં સ્ત્રીઓના નૂપુરને શત્રુનું નગર કહ્યું છે. તે આમ—નૂપુર શબ્દનું વિશેષણ જે નૂન છે, તેનો અર્થ ન શબ્દ કરી ઉન એટલે જે રહિત છે, એવું નૂપુર છે, એમ જાણવું.

આ વૃત્તમાં, સ્ત્રીયોના પગનાં નૂપુર પુરૂષના મનનું હરણ કરી લે છે. એ શૃંગાર રસ છે. અને તે નૂપુર શત્રુનું નગર છે, એમ જાણીને તેનો ત્યાગ કરવો; એ વૈરાગ્ય રસ છે. ॥૩૦॥

या स्त्रीति नाम्ना बिभृते शमादौ शस्त्री प्रबुद्धैरवबुध्यतां सा ॥
एनां पुरस्यकृत्य जगत्यनंगभटो यतः पुण्यभटं भिनत्ति ॥३१॥

અર્થ—જે સ્ત્રી એવું નામ તું અંતઃકરણમાં ધારણ કરે છે. તે શમાદૌ એટલે ઉપશમાદિ ધર્મ કર્મને વિષે શસ્ત્રી એટલે એક આયુધ વિશેષ છે. એમ સુજાણ પુરૂષોએ જાણવું. આ સંસારને વિષે કામ રૂપ યોદ્ધા, એ સ્ત્રી રૂપ શસ્ત્રીને આગળ કરીને ધર્મ રૂપ યોદ્ધાનું ભેદન કરે છે. જેમ સંગ્રામને વિષે એક મોટો યોદ્ધા, પોતાના શસ્ત્રે કરીને પ્રતિયોદ્ધાનું ભેદન કરે છે, તેમ કામ રૂપ યોદ્ધા સ્ત્રી રૂપ શસ્ત્રીએ કરી ધર્મ રૂપ યોદ્ધાનુ

ભેદન કરે છે. આ પદ્યમાં સ્ત્રીને શસ્ત્રી કહી છે, તે આમ—યા સ્ત્રી શમાદૌ બિભૃતે, એટલે જે સ્ત્રી પ્રથમ શકાર ધારે છે, અર્થાત્ સ્ત્રી શબ્દની આદ્યે શકાર આવ્યાથી શસ્ત્રી શબ્દ થાય છે. તે યોગ્ય છે.

આ વૃત્તમાં, પ્રસિદ્ધ શૃંગાર રસ નથી, પરંતુ સ્ત્રી નિર્ભર્ત્સના દ્વારા વૈરાગ્યાંતરગત શૃંગારની પણ સૂચના કરી છે. ॥૩૧॥

येयंवधू रवसिता हृदये प्रमोदसंपादनव्यतिकरैकनिबन्धनं ते ॥
सा दुर्गदुर्गतिपथेन जगन्निनीषोर्धूरेव मन्मथरथस्य विभावनीया ॥३२॥

અર્થ—હે પુરૂષ! તહારા હૃદયને વિષે હર્ષ સમૂહ ઉત્પાદન કરવાનું કારણ જે વધુ એટલે સ્ત્રી, અવસિતા એટલે આવીને રહી છે. તે સ્ત્રીને તું જે હૃદયને હર્ષ ઉત્પન્ન કરનારી માને છે, તે વધુ, અત્યંત દુર્ગમ નરકના માર્ગે કરી લેઈ જવા વિષે ઇચ્છા કરનારા કામરથની ધુ એટલે ધુરી છે; એમ તું જાણ્ય. અર્થાત્ એ સ્ત્રી નથી, કીંતુ નરકના માર્ગે કરી સંસારને વિષે લેઇ જનારો જે કામરથ, તેની ધુરી છે. આ પદ્યમાં વધુ કામરથની ધુરી છે, એમ કહ્યું; મુળમાં વધુ શબ્દનું વિશેષણ અવસિતા શબ્દ છે. એનો અર્થ વકારે કરી સિત એટલે સહિત થયાથી વધુ શબ્દનો ધુ શબ્દ થાય છે. તે યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીને હર્ષ સમૂહ ઉત્પાદન કરનારી, અને પુરૂષના મનને વિષે રમણ કરનારી કહી છે. એ શૃંગાર રસ છે. અને એ વધુ નથી, પણ કામદેવના રથની ધુરી છે, એમ જાણીને તું ત્યાગ કર. એ વૈરાગ્ય રસ છે. ॥૩૨॥

प्रीतिं तन्वंत्यनलसदृशो यास्तरुण्यस्तवैता देहद्युत्या कनकनिभया द्योतिताशा विवेकिन् ॥
सत्यं तासामनलसदृशां संयमारामराज्यं मा भूः पार्श्वेऽप्यासि यदि शिवावाप्तये बद्धबुद्धिः ॥३३॥

અર્થ—હે વિવેકવાન પુરૂષ! જેની અનલસ એટલે આલસ્ય રહિત દૃષ્ટિ છે, અને જેની સુવર્ણના જેવી શરીરની કાંતિએ દિશાઓ પ્રકાશિત કરી છે, એવી તરૂણ સ્ત્રીઓ તને હર્ષ ઉત્પન્ન કરે છે, તે અનલસદૃશ એટલે અગ્નિના જેવી સ્ત્રીઓની સત્તા સંયમ એટલે ચારિત્ર રૂપ વન પરંપરા વિષે છે, એમ જાણ્ય. અર્થાત જેમ અગ્નિ સંપર્કે કરી વન દગ્ધ થાય છે, તેમ સ્ત્રીસંપર્કે કરી ચારીત્ર દગ્ધ થાય છે. જો મોક્ષપ્રાપ્તિની બુદ્ધિ તને થઈ હોય, તો સ્ત્રીઓની સમીપ પણ જતો નહીં. આ પદ્યમાં અનલસદૃશ પદ બે વાર આવ્યું છે, તેનો અર્થ જુદો જુદો છે. એ ચમત્કાર જાણવો.

આ વૃત્તમાં, ચંચળ દૃષ્ટિવાળી સ્ત્રીના શરીરનો વર્ણ સોના જેવો હોય, તો પુરૂષના મનમાં અતિ આનંદ ઉત્પન્ન કરે છે. એ શૃંગાર રસ છે, અને સ્ત્રી અગ્નિ જેવી છે, તે સંયમાદિક વનપરંપરાને બાળી ભસ્મ કરનારી છે, માટે એનો ત્યાગ કર, એ વૈરાગ્ય રસ છે. ॥૩૩॥

क इह विषयभोगं पुण्यकर्मायशून्यं स्पृहयति विषभोगं भावयेस्तत्त्व तत्त्वम् ॥
स्मरति न करणीयं मूर्च्छितो येन जंतुः पतति कुगतिगर्त्ते नेक्षते मोक्षमार्गम् ॥३४॥

અર્થ—આ સંસારને વિષે કયો પુરૂષ પુણ્ય કર્મનો આય એટલે લાભ, એણે કરી શૂન્ય એટલે રહિત જે વિષયભોગ એટલે પાંચ ઇંદ્રિયના સુખની ઇચ્છા કરે છે, કેમકે, મોહને પામેલો પ્રાણી, સ્મરણ કરવા યોગ્ય તે કરતો નથી, તેથી નરક રૂપ ખાડામાં પડે છે. તે ફરી મોક્ષ માર્ગને પામતો નથી. જેમ વિષ ખાનારા પુરૂષને સ્મરણાદિ રહેતાં નથી, તેમ વિષયોપભોગ કરનારને પણ સ્મરણાદિક રહેતાં નથી આ પદ્યમાં વિષયભોગ જે છે તે વિષભોગ છે, એમ કહ્યું; તે આમ-વિષયોપભોગી પદનું યશૂન્યં એ વિશેષણ છે. એનો અર્થ યકારે કરી શૂન્ય એટલે રહીત થાય છે. એમ યકાર રહીત જે વિષયભોગ તે તે વિષ ભોગ છે, તે યોગ્ય છે.

આ વૃત્તમાં, પાંચે વિષયોનો તિરસ્કાર કર્યો છે, તેઓનું મુળ કારણ સ્ત્રી વિષય સુખ શાસ્ત્રોમાં કહ્યું છે.

તે આ શ્લોકમાં યદ્દપિ પ્રકટ કર્યું નથી; તથાપિ અર્થાત્ સિદ્ધ થાય છે, તેથી શૃંગાર રસ છે. અને વિષયભોગને વિષભોગ કહયો છે, એ વૈરાગ્ય રસ છે. ॥૩૪॥

सखे सुखं वैशयिकं यदेत दाभासते तन्नरकान्तमन्तः ॥
सत्यं तदुत्सर्प्पदघप्रबंध निबन्धनत्वान्नरकान्तमेव ॥३५॥

અર્થ—હે સખે! આ જે વિષય સુખ છે, તે તહારા અંતઃકરણુમાં કાંત એટલે મનોહર લાગે છે, તે સત્ય છે, મિથ્યા નથી. પરંતુ વિસ્તારને પામનારી જે પાપપરંપરા, તેનું એ કારણ છે. માટે જેનો અંત નરક છે, એટલે નરકને દેનારા છે; એમ જાણ્ય. આ પદ્યમાં પ્રથમના નરક કાંત એ બે શબ્દ ભિન્ન છે. અને પાછળના નરકાંત એ બે પદ એક સરખાં છે. એ કાવ્ય ચમત્કાર જાણવો.

આ વૃત્તમાં, વિષય સુખ જે છે, તે પુરૂષના મનને ઘણા સારા લાગે છે. એમ કહ્યું છે, તે શૃંગાર રસ છે. અને એ વિષય સુખથી પાપ પરંપરા વિસ્તારને પામે છે માટે ત્યાગ કરવા યોગ્ય છે, એ વૈરાગ્ય રસ છે. ॥૩૫॥

स्मरक्रीडावाप्यां वदनकमले पक्ष्मलदशां दृढासक्तिर्येषामधर मधुपानं विदधताम् ॥
अदुरस्था बन्धव्यसनघटना क्लेशमहती विमुग्धानां तेषामिह मधुकराणामिव नृणाम् ॥३६॥

અર્થ—કામની ક્રીડા રૂપ જે વાપી એટલે કુવો છે, તેને વિષે અધરોષ્ઠ રૂપ મધુપુષ્પરસ પાન કરનારા જે પુરૂષ છે, જેઓની સ્ત્રીઓના મુખકમળને વિષે દૃઢ આસક્તિ છે, એવા મોહ પામનારા જે પુરૂષ છે, તેઓને આ સ્ત્રીના મુખકમળને વિષે ભમરાની પેઠે કલેશે કરી દુઃસહ એવાં બંધનોએ વ્યસન ઘટના એટલે કષ્ટ રચ-

ના સમીપ વર્ત્તિની છે; જેમ મધુપાન કરનારા ભમરાઓની કમળોને વિષે દૃઢાસક્તિ બંધને કરી કષ્ટ દેનારી છે, તેમ અધરરસ પાન કરનારા પુરૂષોને સ્ત્રીના મુખકમળને વિષે દૃઢ જે આસક્તિ તે પ્રેમબંધને કરી કષ્ટ દેનારી છે.

આ વૃત્તમાં, સ્ત્રીનો અધરામૃત ભમરાઓની પેઠે પુરૂષોને અતિ પ્રેમ ઉત્પન્ન કરનારો છે, એ શૃંગાર રસ છે. અને તેથી તે ભમરાની પેઠે બંધનને પામે છે, માટે ત્યાગ કરવા યોગ્ય છે, એ વૈરાગ્ય રસ છે. ॥૩૬॥

सखे सन्तोषाम्भः पिब चपलतामुत्सृज निजां शमारामे कामं विरचय रुचिं चित्तहरिण ॥
हरन्त्येतास्तृष्णां न युवतिनितम्ब स्थलभुवो विमुक्ता नीरागैर्विषमशरसम्पातविषमाः ॥३७॥

અર્થ—હે સખે ! આ ચિત્ત હરિણીના જેવું છે, કેમકે, જેમ હરિણ અતિ ચંચળ હોય છે, તેમ ચિત્ત પણ મહા ચંચળ હોય છે; માટે મૃગ અને ચિત્તનું સાદૃસ્યત્વ કહ્યું છે. એવી ચપળતાને ત્યાગ કરીને સંતોષ રૂપ જળનું પાન કર. અને અત્યંત શમરૂપ વનની પ્રીતિ કર. આ જે યુવતી એટલે તરૂણ સ્ત્રીઓ છે, તેઓના નિતંબ એટલે જે કેડનો પાછળનો ભાગ છે, તે સ્થળ ભૂમિના જેવો છે, ત્યાં તહારી તૃષા મટનાર નથી. એ સ્થળ ભૂમિ કેવી છે ? નીર એટલે પાણી અને અગ એટલે વૃક્ષ, એણે કરી રહિત છે. જળ અથવા વૃક્ષની છાયા વડે તૃષા નિવારણ થાય છે. એ બંનેમાંનો કોઇ એ સ્થળ ભૂમિને વિષે નથી. અને એ ભૂમિને વિષે વ્યાધ્યાદિક દુષ્ટ પુરૂષ બાણ નાંખે છે, તે વાગ્યાથી ઘણો સંતાપ પામીને તહારૂ મરણ થશે, પણ તૃષા મટવાની નથી. વળી તે નિતંબ ભુમિ કેવી છે ? તો કે, રાગ રહિત પુરૂષોએ જેનો ત્યાગ કર્યો છે, અને વિષમશર જે કામદેવ, તેના બાણના સંપાતના યોગે બિહામણી છે, માટે યુવતિના નિતંબની ઇચ્છા તું નહીં કર. એ ચિત્ત પ્રત્યે ઉપદેશ છે.

આ વૃત્તમાં, સ્ત્રીના નિતંબનું વર્ણન કર્યું છે, એ શૃંગાર રસ છે, અને તે સ્થળ ભુમિની પેઠે ચિત્ત રૂપ ભ્રમરને પીડા કરે છે; એ વૈરાગ્ય રસ છે. ॥૩૭॥

चेतश्चापलमाकलय्य कुटिलाकारां कुरंगीदशो दृष्ट्वा कुन्तलराजिमंजनघनश्यामां किमुत्ताम्यसि ॥
धर्मध्यानमहानिधानमधुना स्वीकर्तु कामस्य मे प्रत्यूहार्थमुपस्थितेयमुरगश्रेणीति संचिन्तयेः ॥३८॥

અર્થ—હે ચિત્ત! કુટિલ એટલે વક્ર આકાર વાળા મેઘના જેવા કાળા અથવા કાજળના જેવા અત્યંત શ્યામવર્ણ, જે હરિણાક્ષી સ્ત્રીના કેશની પંકિત છે, તેને જોઇને તું શાસારૂં વ્યાકુળ થાય છે? એ સ્ત્રીના કેશની પંકિત જે છે, તે ધર્મચિંતન રૂપ મહાનિધાન સ્વીકાર કરનારો તું, તેને સાંપ્રતકાળને વિષે વિઘ્ન કરવા સારૂ તૈયાર થઇ છે, એવી ઉરગશ્રેણિ એટલે સર્પ પંકિત છે; એમ જાણ્ય. કોઇ કાર્ય કરવા સારૂ ઉધુકત પુરૂષને સર્પદર્શન નિષિદ્ધ છે. અને નિધાન ગ્રહણના સમયે તો અત્યંત અનિષ્ટ છે. માટે સ્ત્રીકેશપંકિતરૂપ સર્પિણીનું દર્શન તું નહિં કર. કેમકે, એમ કર્યાથી ધર્મચિંતન રૂપ નિધાનના ગ્રહણ સમયે તને વિઘ્ન આવશે.

આ વૃત્તમાં, સ્ત્રીના કેશની પંકિતને સર્પ પંકિત કહી છે. અને તેની શામતાને મેઘની તથા કાજળની ઉપમા દીધી છે. એ શૃંગાર રસ છે. અને તે સર્પની પેઠે વિઘ્નકારી હોવાથી સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. એ વૈરાગ્ય રસ છે. ॥૩૮॥

यातुं यद्यनुरुच्यते शिवपुरीं रामानितंबस्थलीं मुंचेर्दूरमिमामनंग कलभक्रीडाविहारोचिताम् ॥
नो चेद्यौवनचंडवातविततव्यामोह धूलीकणक्लाम्यदृष्टिरदृष्टशाश्वतपथः प्राप्नोषि जन्माटवीम् ॥२९॥

અર્થ—હે પુરૂષ! જો તને મુકિત રૂપ નગરી પ્રત્યે જવાની અભિરૂચી હોય, તો તું કામ રૂપ ગજશિશુને ક્રીડાને અર્થે, વિહાર વિષે યોગ્ય એવા આ સ્ત્રી નિતંબ રૂપ સ્થળી એટલે ભૂમિ, તેને તું દૂર મૂકી દે. જો તુ

એ ભુમિને મૂકીશ નહીં, તો યૌવન રૂપ પ્રબળ વાયુએ કરી વિસ્તારને પામેલ્લા વ્યામોહ રૂપ રજઃકણો તહારા નેત્રામાં પડશે. તેથી માર્ગ સૂઝનાર નથી. અર્થાત્ મોક્ષ માર્ગ મળનાર નથી. આંખોમાં ધુળ ગયાથી માર્ગને જોઈ શકાતો નથી. એ પ્રસિદ્ધ છે. એમ સંસાર રૂપ અરણ્યમાં ભ્રમણ કરીશ.

આ વૃત્તમાં, કામને હસ્તિના બાળક જેવો કહયો છે. તેને ક્રીડા કરવાને સ્ત્રી નિતંબ રૂપ પૃથ્વી છે. અર્થાત્ કામક્રિડાનું સ્થાન જે સ્ત્રીના નિતંબ કહ્યા છે, એ શૃંગાર રસ છે. અને એ પૃથ્વીને વિષે યૌવનના યોગે નેત્રાને વિષે રજઃકણો પડયાથી માર્ગ સૂઝતો નથી. અર્થાત્ સ્ત્રી નિતંબ રૂપ ભૂમિને વિષે જે પુરૂષ આવી જાય છે, તે વિષ રૂપ રજઃકણે કરી હૃદયાંધ થઈ જાય છે. માટે એ ત્યાગ કરવા યોગ્ય છે. એ વૈરાગ્ય રસ છે. ॥૩૯॥

शमधनमुपहर्त्तुं कामचौरप्रचारं विरचयति निकामं कामिनी यामिनीयम् ॥
सपदि विदधती या मोहनिद्रासमुद्रां जनयति जनमंतः सर्वचैतन्य शुन्यम् ॥४०॥

અર્થ—આ કામિની રૂપ યામિની એટલે રાત્રી, ઉપશમ રૂપ ધન હરણ કરવાને સારૂ કામ રૂપ ચોરનો અત્યંત પ્રચાર પ્રગટ કરે છે. તથા મોહ રૂપ નિદ્રાની સ્મૃદ્ધિ કરનારી જે એ રાત્ર, તે જન એટલે મનુષ્યોને અંતઃકરણને વિષે સર્વ ચૈતન્ય થકી રહિત કરે છે. જેમ રાત્રીને વિષે સર્વ મનુષ્ય નિદ્રિત છતાં દ્રવ્ય હરણ કરવા સારૂ ચોર ફરે છે, તેની પેઠે જાણી લેવું.

આ વૃત્તમાં, સ્ત્રીને મોહ ઉત્પન્ન કરનારી રાત્રિ કહી છે. ને કામને ચોર કહયો છે. અર્થાત્ સ્ત્રી કામોત્પત્તિ કરનારી છે. એ શૃંગાર રસ છે. અને એ રાત્રીને વિષે મનુષ્ય ભ્રમણ કરતો કામ રૂપ ચોરના સપાટામાં આવી પોતાની સંપત્તિ તથા પ્રાણ પ્રમુખ સર્વ ખોઇ નાંખે છે. માટે એનો ત્યાગ કરવો યોગ્ય છે. એ વૈરાગ્ય રસ છે. ॥૪૦॥

मृगेक्षणा नूनमसावसीमा भीमाटवी बुद्धिमतामतील्या ॥
यद्बाहुवल्लीभिरनंगभिल्लो बद्ध्वा नरान् लंभयते न मुक्तिम् ॥४१॥

અર્થ—જે બુદ્ધિમાન પુરૂષોને અતિક્રમણ કરવા યોગ્ય નથી, જેને મર્યાદા નથી, જેનાં મૃગનાં જેવાં નેત્ર છે, એવી આ સ્ત્રી તે ભયંકર વન છે; જેની બાહુલતાએ કરી કામરૂપ ભીલ, મનુષ્યોને બાંધીને ફરી છોડી મુકતો નથી. અર્થાત્ બાંધેલોને બાંધેલોજ રહેવા દે છે. જેમ અરણ્યમાં માર્ગે ચાલનારા લોકોને ચોર, વેલિવડે બાંધીને તેઓનું સર્વસ્વ હરણ કરી લે છે. તેમજ મૃગેક્ષણા સ્ત્રી પોતાની બાહુલતાએ કંઠને વિષે બંધન કર્યા પછી પુરૂષને મુકતી નથી.

આ વૃત્તમાં, સ્ત્રીને મર્યાદા રહીત કહી, તેથી હાવભાવ સુચવ્યા છે. સ્ત્રીને વન રૂપ કહી ને તેની ભુજાને લતા રૂપ કહી એમાં કોઈ પુરૂષ સપડાય તો ફસાઈ પડે છે. અર્થાત્ સ્ત્રીએ ભુજા વડે આલીંગન કર્યું છતાં તેથી પુરૂષ છુટી શકતો નથી. એ શૃંગાર છે. અને એ વનમાં કામ રૂપ ચોરટા વસે છે, તે મોક્ષ માર્ગે જનારા પુરૂષનું ધર્મ રૂપ ધન પ્રમુખ હરણ કરી લેનાર છે. માટે ત્યાગ કરવા યોગ્ય છે. એ વૈરાગ્ય રસ છે. ॥૪૧॥

इयं वारंवारं द्युतितुलितरोलंबवलयं न वक्रं भ्रुचक्रं चलयति मृगाक्षी मम पुरः ॥
कुधीकारागारापसरणमतिं मां स्खलयितुं प्रपंचत्पंचेषोर्वहति निबिडं लोहनिगडम् ॥४२॥

અર્થ—આ મૃગલોચના જે સ્ત્રી છે, તેનું જે વાંકું ભ્રુકુટી ચક્ર છે, તે ભમરાઓના જેવું કાંતિવાળું છે. તે મ્હારી સામે વારંવાર ચંચળ કરે છે. એમ નથી. પણ નરશી બુદ્ધિ રૂપ કારાગ્રહથી દૂર નાશી જવાની ઈચ્છા વાળો જે હું છું, તે મને નાશી જવા ન દેતાં કામના પ્રપંચ યુકત દુઃસહ જે લોખંડની બેડી ધારણ

કરેલી છે, અર્થાત્ જેમ ચોરને બેડી નાંખીને બંદીખાનામાં નાંખે છે, તેમજ મને પણ વશ કરવા સારૂ આ સ્ત્રી ભ્રુકુટી ચક્ર રૂપ કામદેવની લોખંડની બેડી ધારણ કરે છે.

આ વૃત્તમાં, સ્ત્રીનું ભ્રુકુટી ચક્ર એવું છે કે, જે પુરૂષ તેના ફાસામાં આવે, તે ફરી છુટી શકતો નથી, અર્થાત્ અતિ મોહ ઉત્પન્ન કરનારૂં છે; એ શૃંગાર રસ છે. અને સ્ત્રીનું ભ્રુકુટી ચક્ર કામદેવની લોહની બેડી છે, માટે તેનો ત્યાગ કરવો જોઇએ, એ વૈરાગ્ય રસ છે. ॥૪૨॥

यामोऽन्यत्र द्रुततरमितो मित्र यत्कंठपीठे नायं हारस्त्वकितहरिणीलोचनायाश्चकास्ति ॥
नाभीरंध्रे विहितवसतिर्योऽस्ति कंदर्पसर्पस्तन्मुक्तोऽयं स्फुरति रुचिरः किंतु निर्मोकपट्टः ॥४३॥

અર્થ---હે મિત્ર! આ આપણે સ્થાનકને મૂકીને જલદી બીજે ઠેકાણે જવું જોઇએ, કેમકે, તૃષાવાન થએલી હરિણીના નેત્રનાં જેવાં જેનાં નેત્ર છે, એવી સ્ત્રીયોના કંઠમાં જે આ હાર શોભે છે, તે હાર નથી; કિંતુ નાભિ રૂપ રંધ્રને વિષે રહેનારો જે કામ રૂપ સર્પ, તેણે મૂકેલું આ મનોહર નિર્મોકપટ એટલે કંચુક દીઠામાં આવે છે. તેજ આ ઠેકાણું મૂકીને બીજે ઠેકાણે નાશી જવાની સૂચના કરે છે. સર્પનું કંચુક ભયનો હેતુ છે. માટે નાભિ રૂપ જે કામ રૂપ સર્પને રહેવાનું રાફડું, અને હાર રૂપ સર્પનું કંચુક છે. એમ જાણીને નાશી જવું યોગ્ય છે.

આ વૃત્તમાં, સ્ત્રીયોના કંઠના હારની શોભા કહી છે. તથા નાભીનું વર્ણન કરેલું છે. એ શૃંગાર રસ છે. અને એ બંને દુઃખનાં સાધન હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. એ વૈરાગ્ય રસ છે. ॥૪૩॥

यः कामकामलकलुप्तविवेकचक्षुः स्वर्गाऽपवर्गपुरमार्गमवीक्षमाणः ॥
ज्ञानांजनं प्रति निरादरतामुपैति भ्रातः पतिष्यति स भीमभवांधकूपे ॥४४॥

અર્થ—જે પુરૂષના વિવેક રૂપ ચક્ષુ કામ રૂપ કામલ એટલે નેત્ર રોગે કરી ગ્રસ્ત છે. તે સ્વર્ગ અને અપવર્ગ એટલે મોક્ષરૂપ નગરનો માર્ગ જોઇ શકતો નથી; એમ છતાં જે પુરૂષ જ્ઞાન રૂપ અંજનનો આદર કરતો નથી, તે પુરૂષ ભયંકર સંસાર રૂપ અંધ કૂપમાં પડે છે. જેમ કમળાના રોગે કરીને જેનાં નેત્રો ગ્રસ્ત હોય, તે જો આંખોને વિષે અંજન નાખવાનો અનાદર કરે, તો અંધ કૂપમાં પડી જાય, તેમ જ્ઞાનાંજનનો જે નિરાદર કરે છે, તે આ સંસાર રૂપ આંધળા કૂવામાં પડે છે.

આ વૃત્તમાં, કામને નેત્રના રોગના જેવો કહયો છે, એટલે જેને કમળો પ્રમુખ નેત્ર રોગ થાય છે, તે કાંઇ જોઇ શકતો નથી. તેમ કામ રૂપ નેત્ર રોગના યોગે, પુરૂષ નિર્લજ્જ થાય છે. એવી કામની મહિમા છે તે શૃંગાર રસ છે. અને કામાંધ પુરૂષ આ સંસાર રૂપ આંધળા કૂવામાં પડે છે, માટે ત્યાગ કરવા યોગ્ય છે. એ વૈરાગ્ય રસ છે. ॥૪૪॥

भवारण्यं मुक्त्वा यदि जिगमिषुमुक्तिनगरीं तदानीं मा कार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ॥
यतश्छायाप्येषां प्रथयति महामोहमचिरादयं जंतुर्यस्मात्पदमपि न गंतुं प्रभवति ॥४५॥

અર્થ—હે પુરૂષ ! જો તું ભવાટવીને મૂકીને મુકિત નગરી પ્રત્યે જવાની ઇચ્છા કરતો હોય, તો વિષય રૂપ વૃક્ષને વિષે વસતિ નહિં કર. કેમકે, આ વૃક્ષની છાયા પણ મહા મોહના વિસ્તારને પમાડે છે. એ વિષ યવૃક્ષની છાયાનો સ્પર્શ પણ મોહકારક છે. એ કારણ માટે આ પ્રાણી એક પગલું પણ ચાલવાને સમર્થ થતો નથી. જેમ વનને વિષે વિષ વૃક્ષની નીચે બેઠેલો પુરૂષ, મત્ત થયેલો હોય છે, તે વખતે તે વન મુકીને નગરમાં જવાની ઇચ્છા કરે, તો એક પગલું પણ નાંખી શકાતું નથી. માટે મોક્ષની ઇચ્છા કરનારા પુરૂષે વિષય સેવન કરવાની બુદ્ધિ કરવી નહીં.

આ વૃત્તમાં, વિષયસેવન થકી પુરૂષ કામાંધ થઇ જાય છે, એમ કહ્યું છે, તે શૃંગાર રસ છે. અને

સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. એમ કહ્યું છે, તે વૈરાગ્ય રસ છે. ॥૪૫॥

सोमप्रभा चार्यमभा च यन्न पुंसां तमःपंकमपाकरोति ॥
तदप्य मुष्मिन्नुपदेशलेशे निशम्यमानेऽनिशमेति नाशम् ॥४६॥

અર્થ—સોમપ્રભા એટલે ચંદ્ર કાંતિ, અને અર્યપ્રભા એટલે સૂર્યકાંતિ જે મનુષ્યોનો તમઃપંક એટલે અજ્ઞાનાંધકાર સમૂહ દૂર કરતા નથી, તે પણ આ અલ્પ ઉપદેશક શ્રવણ કર્યા છતાં નાશને પામે છે. અર્થાત્ ચંદ્ર કાંતિ તથા સૂર્ય કાંતિ અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરવાને સમર્થ થતી નથી. અને આ ઉપદેશ અંતરનો અંધકાર મટાડવાને સમર્થ છે. એથી આ ઉપદેશ અતિ ઉત્કૃષ્ટ છે. આ પદ્યમાં ગ્રંથકર્તાએ પોતાનું સોમપ્રભાચાર્ય એવું નામ ચાતુર્ય કરી ગોપન કરેલું છે. તે જ્ઞાતાઓએ જાણી લેવું. ॥૪૬॥

इति श्री शतार्थवृत्तिकार श्री सोमप्रभाचार्यविरचिता शृंगारवैराग्यतरंगिणी समाप्ता ॥